## ગોરમા! પૂરો મારા મનડાની

(ફિલ્મઃ ઓખા હરણ)

ગોરમા! પૂરો મારા મનડાની આશ,
ઝાઝું તો નથી માંગતી,
ગોરમા! મળે મને એવો ભરથાર,
જેને શરણે હું ઝૂલતી.
ગણેશ પૂજું, મહાદેવ પૂજું, પૂજું પાર્વતી મા;
ગોરમા ગોરમા રે! કંથ દેજો કોડામણો રે,
ઓ માડી! કંથવર દેજો રે!  કામદેવ સરખો સોહામંણો.
કેશર ચંદન થાળી ભરી, સરખી સાહેલીઓ જાય.
સૈયરનો લટકો, તન મન મચકો, બેની નદીએ ના’વા જાય,
ગોરમા! ગોરમા રે!
સાસરિયું દેજો ઉંચા તે કુળનું, સસરાજી મોટા ભૂપાળ,
નણંદલ દેજો સાહેલીને, સાસુજી હોય હેતાળ,
ગોરમા ગોરમા રે!  કંથ દેજો કોડામણો.
ઓ માડી! કંથવર દેજો રે!  કામદેવ સરખો સોહામણો.
ગોરમા! પૂરો મારા મનડાની આશ,
ઝાઝું તો નથી માંગતી.

------